# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ ત્રીજ રવિવાર ૫ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૮

પાનાં ૧૦+II+૮ કિંમત ₹ ૬.૦૦


## ભવિષ્યના યુદ્ધમાં પાકિસ્તાન કોલકાતા પર હુમલો કરશે: ખ્વાજા આસિફ

**લાહોર, તા. 4 (PTI):** પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે શનિવારે ભારતને ચેતવણી આપી હતી કે, તેઓ કોઈપણ ભવિષ્યના દુ:સાહસના જવાબમાં કોલકાતા પર હુમલો કરશે. લાહોરથી આશરે 130 કિલોમીટર દૂર તેમના વતન સિયાલકોટમાં પત્રકારો સાથે વાત કરતાં આસિફે જણાવ્યું હતું કે, જો ભારત આ વખતે કોઈ પણ ફોલ્સ-ફ્લેગ ઓપરેશન કરવાનો પ્રયાસ કરશે તો અમે તેને કોલકાતા સુધી લઈ જઈશું. આસિફે દાવો કર્યો હતો કે, એવા અહેવાલો છે કે એક ‘ફોલ્સ-ફ્લેગ’ ઓપરેશન ઘડવામાં આવ્યું છે, જેમાં તેમના પોતાના માણસો અથવા તેમની અટકાયતમાં રહેલા પાકિસ્તાનીઓનો ઉપયોગ કરીને ક્યાંક મૃતદેહો ગોઠવી દેવામાં આવશે અને એવું કહેવામાં આવશે કે ‘તેઓ આતંકવાદીઓ હતા અને તેમણે આવું-આવું કર્યું

...અનુસંધાન પાના 9 પર

## ઇરાનમાં ફસાયેલા 345 ભારતીય માછીમારો આર્મેનિયા થઈને સ્વદેશ પરત ફર્યા

**નવી દિલ્હી, તા. 4 (PTI):** પ્રાદેશિક તણાવ વધવાને કારણે ઇરાનમાં ફસાયેલા 345 ભારતીય માછીમારોનું એક જૂથ શનિવારે આર્મેનિયા થઈને ભારત પરત ફર્યું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતીય નાગરિકોની વાપસીમાં મદદ કરવા બદલ તેમના આર્મેનિયન સમકક્ષ અરરાત મિર્ઝોયાનનો આભાર માન્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારતીય નાગરિકો આજે સાંજે ચેન્નાઈ પહોંચ્યા હતા. તેઓ કયા સંજોગોમાં ઇરાનમાં ફસાયા હતા તે તુરંત જાણી શકાયું નથી. જયશંકરે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, “આજે ઇરાનથી આર્મેનિયા થઈને ભારત પરત ફરી રહેલા ભારતીય માછીમારોની સુરક્ષિત વાપસીની સુવિધા પૂરી પાડવા બદલ વિદેશ મંત્રી અરરાત મિર્ઝોયાન અને આર્મેનિયા સરકારનો

...અનુસંધાન પાના 9 પર

## ‘શું કોઈ અમારા પાઇલટ શોધી શકે છે, પ્લીઝ?’ ઈરાને અમેરિકાની મજાક ઉડાવી

**તેહરાન, તા. 4** દક્ષિણ-પશ્ચિમ ઈરાન પર અમેરિકાના વિમાનો તોડી પાડવામાં આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા બાદ શનિવારે ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ-બઘેર ગાલિબાફે યુનાઈટેડ સ્ટેટ્સની મજાક ઉડાડી હતી. એક્સ પર એક પોસ્ટમાં તેમણે અમેરિકાના સૈન્ય હુમલાને ‘વ્યૂહરચના વગરનું યુદ્ધ’ ગણાવ્યું હતું અને કટાક્ષ કરતાં નોંધ્યું હતું કે, શાસન પરિવર્તન કરવાનો તેમનો ધ્યેય હવે ગુમ થયેલા પાઇલટ્સને શોધવા સુધી મર્યાદિત થઈ ગયો છે. ગાલિબાફે લખ્યું હતું કે, ‘‘ઈરાનને સતત 37 વાર હરાવ્યા પછી તેમણે શરૂ કરેલું આ શાનદાર વ્યૂહરચના વગરનું યુદ્ધ હવે શાસન પરિવર્તનથી ઘટીને ‘અરે! શું કોઈ અમારા પાઇલટ શોધી શકે છે? પ્લીઝ?’ સુધી પહોંચી ગયું છે. વાહ. શું અદ્ભુત પ્રગતિ છે. ખરેખર, પ્રતિભાશાળી લોકો.’’ આ સંઘર્ષમાં પ્રથમ વખત અમેરિકી વિમાનો તોડી પાડવાની ઘટના બની હતી. આ ઘટના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે

...અનુસંધાન પાના 9 પર




### રઘવાયા થયેલા અમેરિકી પ્રમુખે ચેતવણી આપી

# ઈરાન બે દિવસમાં હોર્મુઝ નહીં ખોલે તો આગ વરસશે: ટ્રમ્પ

**અગાઉ** આપેલી દસ દિવસની મહેતલ પુરી થવામાં છે

**વૉશિંગ્ટન, તા. ૪:** સમય વીતી રહ્યો છે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામેના તેમના તાજેતરના પ્રહારમાં ચેતવણી આપતા કહ્યું છે કે જો તેહરાન હોર્મુઝની સામુદ્રધુની ખોલવાની તેમની સમયમર્યાદાનું પાલન નહીં કરે, તો તેમના પર નરકની આગનો વરસાદ વરસશે.

ટ્રુથ સોશિયલ પર તેમણે લખ્યું હતું કેઃ યાદ કરો જ્યારે મેં ઈરાનને સોદો કરવા અથવા હોર્મુઝની સામુદ્રધુની ખોલવા માટે દસ દિવસનો સમય આપ્યો હતો. સમય પૂરો થઈ રહ્યો છે - તેમના પર નરકનો વરસાદ વરસવાના હવે માત્ર 48 કલાક બાકી છે. ઈશ્વરનો મહિમા હો!

પ્રમુખ ડોનાલ્ડ જે. ટ્રમ્પ. અગાઉ, ઈરાન સાથે ચાલી રહેલી વાતચીત અંગે આશાવાદ વ્યક્ત કર્યા પછી, ટ્રમ્પે ઉર્જાના આ નિર્ણાયક માર્ગને



ફરીથી ખોલવાની સમયમર્યાદા 10 દિવસ લંબાવીને 6 એપ્રિલ કરી હતી. તેમણે તે સમયે ચેતવણી આપી હતી કે જો સામુદ્રધુની ખોલવામાં નહીં આવે તો તેઓ ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને તેલના કૂવાઓ સહિતના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવશે. તેમણે 6 એપ્રિલ સુધી ઈરાનના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા અટકાવવાનો આદેશ આપ્યો હતો. ઈરાને પણ ટ્રમ્પના પ્રસ્તાવોને અવાસ્તવિક, અતાર્કિક અને અતિશય ગણાવીને ફગાવી દીધા છે.

ટ્રમ્પે જમીન પર સૈનિકો તૈનાત કરવા અને તેની શક્યતાને સંપૂર્ણપણે નકારી કાઢવા વચ્ચે સતત પોતાના નિવેદનો બદલ્યા છે.

આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે મધ્ય પૂર્વમાં અમેરિકાએ પહેલાથી જ 50,000 સૈનિકો તૈનાત કરી દીધા છે.

યુદ્ધના એક મહિનાથી વધુ સમય પછી, એવું લાગે છે કે આ લક્ષ્યાંકો વારંવાર બદલાયા છે. કેટલીકવાર ટ્રમ્પે આ પ્રદેશમાં યુએસના લક્ષ્યોના વ્યાપને વિસ્તારવાની વાત કરી છે, તો પછીથી તેને ઘટાડી દીધા છે - અને કેટલીકવાર તો તેમણે પોતાના જ નિવેદનોનો વિરોધાભાસ કર્યો છે.

યુદ્ધના માત્ર પાંચમા સપ્તાહમાં, ટ્રમ્પે કહ્યું હતું કે આ સંઘર્ષને તેલ સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ પછીથી તેમણે સૂચન આપ્યું હતું કે અમેરિકાએ તેલ કબજે કરી લેવું જોઈએ અને સંપત્તિ બનાવવી જોઈએ.



» ફ્રાન્સના પેરિસમાં ડિઝનીલેન્ડમાં વલ્ડ ઓફ ફ્રોઝન વિસ્તરણ કરીને ફરીથી શરૂ કરાયું છે જેમાં અદભૂત થીમ્સ આધારિત રચનાઓ ઉભી કરવામાં આવી છે. આ પાર્કના એક વિસ્તારમાં આતશબાજી સાથેનું મનોહર દ્રશ્ય તસવીરમાં જોઇ શકાય છે.

## ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ: પહાડોમાં હિમવર્ષા, મેદાનોમાં વરસાદ

**દિલ્હી**, પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં વરસાદ પડ્યો

**શ્રીનગર/નવી દિલ્હી તા. 4 (PTI):** મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે શનિવારે કાશ્મીરના ઊંચાઈવાળા અનેક વિસ્તારોમાં તાજી હિમવર્ષા થઈ હતી, જ્યારે ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો, જેનાથી તાપમાનમાં ઘટાડો થયો છે. તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. હિમવર્ષાને કારણે જમ્મુ-કાશ્મીરના ઘણા મહત્ત્વના આંતર-જિલ્લા માર્ગો બંધ થઈ ગયા છે.

હવામાન વિભાગે શનિવારે છૂટાછવાયા ભાગોમાં ટૂંકા ગાળાના તીવ્ર ભારે વરસાદની ચેતવણી આપી છે, જેના કારણે અમુક સંવેદનશીલ સ્થળોએ અચાનક પૂર આવી શકે છે અને ભૂસ્ખલન થઈ શકે છે તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે. હિમાચલ પ્રદેશના પણ પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. દિલ્હી, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના વિસ્તારોમાં વરસાદ થયો છે.

કુપવાડામાં સાધના ટોપ અને અન્ય ઊંચાઈવાળા વિસ્તારો, શોપિયાંમાં મુગલ રોડ, અનંતનાગને કિશ્તવાડ સાથે જોડતા માર્ગન ટોપ અને બાંદીપોરા જિલ્લામાં રાજદાન ટોપ, ગુરેઝ અને તુલેલમાં રાત્રિ દરમિયાન તાજી હિમવર્ષા થઈ હતી. ગુલમર્ગ પ્રવાસન સ્થળનો અફરવત પર્વત, સોનમર્ગ-ઝોજિલા એક્સિસ અને ખીણના અન્ય કેટલાક પહાડી વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ હતી.

રાષ્ટ્રીય રાજધાનીમાં શનિવારે લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો જોવા મળ્યો હતો, જ્યારે દિવસભર સતત વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ દિવસ માટે ‘યલો એલર્ટ’ જાહેર કર્યું હોવા છતાં શુક્રવાર

...અનુસંધાન પાના 9 પર

# ૨૪ કલાકમાં ઈરાને ૨ અમેરિકી જેટ તોડી પાડ્યા છે





**અમેરિકના** બે બ્લેક હોલ હેલિકોપ્ટરોને પણ નિશાન બનાવ્યા

**તેહરાન, તા. 4:** ઈરાન સાથેના પાંચ અઠવાડિયાથી ચાલી રહેલા યુદ્ધમાં છેલ્લા ૨૪ કલાકમાં બે યુએસ જેટ તોડી પાડવામાં આવ્યા છે અને બે બ્લેક હોક હેલિકોપ્ટર પર હુમલો કરવામાં આવ્યો છે. જેના કારણે યુદ્ધ વણસ્યું છે અને એક પાઈલટ ગુમ છે.

એક જ દિવસમાં અમેરિકાના બે યુદ્ધ વિમાનો તોડી પાડવાની ઘટનાએ આ સંઘર્ષમાં મોટો વળાંક આણ્યો છે, જેનાથી નવી નબળાઈઓ છતી થઈ છે અને પ્રતિકૂળ પ્રદેશમાં ભાગી રહેલા અને ગુમ થયેલા અમેરિકન પાઈલટ માટે ઉચ્ચ જોખમવાળી શોધ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાઓ, જેની પુષ્ટિ યુએસ અને ઈરાની અધિકારીઓ બંનેએ કરી છે, તે આ યુદ્ધમાં પ્રથમ વખત અમેરિકન વિમાનોને તોડી પાડવામાં આવ્યા હોવાનું દર્શાવે છે, જે હવાઈ

...અનુસંધાન પાના 9 પર

**ઇરાની લશ્કર નષ્ટ થઇ ગયું હોવાના ટ્રમ્પના દાવાના બે જ દિવસમાં ઇરાને સખત ફટકો માર્યો**

### બે દાયકામાં પ્રથમ વખત કોઇ શત્રુ દેશે અમેરિકાના વિમાન તોડી પાડ્યા

**વોશિંગ્ટન, તા. 4 (AP):** ઈરાન દ્વારા બે અમેરિકન સૈન્ય વિમાનોને તોડી પાડવા એ અમેરિકા માટે એક અત્યંત દુર્લભ હુમલો છે, જે 20 વર્ષથી વધુ સમયમાં બન્યો નથી. આ ઘટના દર્શાવે છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એ દાવા છતાં કે ઈરાન ‘સંપૂર્ણપણે નાબૂદ’ થઈ ગયું છે, ઈસ્લામિક રિપબ્લિક વળતો હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે. આ હુમલાઓ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા પ્રથમ પ્રહારોના પાંચ અઠવાડિયા પછી થયા છે. ટ્રમ્પે આ અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે, ‘‘તેહરાનની મિસાઇલ અને ડ્રોન લોન્ચ કરવાની ક્ષમતામાં નાટ્યાત્મક રીતે ઘટાડો થયો છે.’’ અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાને શુક્રવારે અમેરિકાનું એફ15-ઈ સ્ટ્રાઈક ઈગલ ફાઈટર જેટ તોડી પાડ્યું હતું, જેમાં એક સૈનિકને બચાવી લેવાયો છે અને બીજાની શોધખોળ હજી ચાલુ છે. ઈરાની સરકારી મીડિયાએ એમ પણ જણાવ્યું હતું કે, ઈરાની સંરક્ષણ દળો દ્વારા નિશાન બનાવ્યા બાદ અમેરિકાનું એ-10 એટેક એરક્રાફ્ટ ક્રેશ થયું હતું. નિવૃત્ત એરફોર્સ બ્રિગેડિયર જનરલ હ્યુસ્ટન કેન્ટવેલ, જેઓ ભૂતપૂર્વ એફ-16 ફાઇટર પાઇલટ છે, તેમણે જણાવ્યું હતું કે છેલ્લી વખત અમેરિકી ફાઇટર જેટ યુદ્ધમાં તોડી પાડવામાં આવ્યું હતું તે 2003માં ઇરાક પરના અમેરિકી આક્રમણ દરમિયાન એ-10 થંડરબોલ્ટ II હતું. પરંતુ, કેન્ટવેલે કહ્યું હતું કે, તેનું કારણ એ હતું કે અમેરિકા મોટા ભાગે એવા બળવાખોરો સામે લડી રહ્યું હતું જેમનામાં આવી વિમાન વિરોધી ક્ષમતાઓ નહોતી. કેન્ટવેલે જણાવ્યું હતું કે, ઈરાનમાં વધુ ફાઈટર જેટ ગુમાવ્યા નથી તે અમેરિકી દળોની ક્ષમતાનું પ્રમાણ છે.

## અમેરિકી પાયલોટ બીજા દિવસે પણ લાપતા: સઘન શોધખોળ ચાલુ

**ઇરાન** આ શત્રુ પાયલોટને શોધે છે, અમેરિકા પોતાના આ પાયલોટને બચાવવા મરણિયા પ્રયાસો કરે છે

**ઇરાન** અને અમેરિકા-ઇઝરાયેલના સામસામા હુમલાઓ ચાલુ

**તેલ અવીવ, 4 એપ્રિલ:** યુએસ સૈન્ય શનિવારે ઈરાનના એક અંતરિયાળ વિસ્તારમાં ગુમ થયેલા પાયલોટની સઘન શોધખોળમાં લાગી ગયું છે. ઈસ્લામિક રિપબ્લિકે (ઈરાન) અમેરિકી યુદ્ધવિમાનને તોડી પાડ્યાના એક દિવસ બાદ આ કાર્યવાહી હાથ ધરાઈ છે, જેમાં ઈરાને પાયલોટને પકડાવનાર માટે ઈનામની જાહેરાત પણ કરી છે.

ઈરાન દ્વારા આ વિમાનની ઓળખ F-15E સ્ટ્રાઈક ઈગલ તરીકે કરવામાં આવી છે. શુક્રવારે હુમલાનો ભોગ બનેલા બે વિમાનો પૈકીનું આ એક હતું, જેમાં એક સૈન્ય સભ્યને બચાવી લેવાયો છે. છ સપ્તાહથી ચાલી રહેલા આ યુદ્ધ દરમિયાન ઈરાની પ્રદેશમાં અમેરિકાએ વિમાન ગુમાવ્યું હોય તેવી આ પ્રથમ ઘટના છે, જે ટ્રમ્પ વહીવટીતંત્ર પર લડાઈનો અંત લાવવા માટે દબાણ વધારી શકે છે. 28 ફેબ્રુઆરીએ યુએસ-ઈઝરાયેલના

...અનુસંધાન પાના 9 પર

### દુબઇમાં ઓરેકલની કચેરી પર હુમલો

શનિવારે, એક દેખીતા ઈરાની ડ્રોને સંયુક્ત આરબ અમીરાતના દુબઈમાં યુએસ ટેકનોલોજી કંપની ઓરેકલના મુખ્યાલયને નુકસાન પહોંચાડ્યું હતું. આ યુદ્ધમાં બંને પક્ષોએ નાગરિક લક્ષ્યો અને પાયાની સુવિધાઓ પર હુમલો કરવાની ધમકી આપી છે અને હુમલા કર્યા પણ છે. ઇરાને અમેરિકી ટેક કંપનીઓને નિશાન બનાવવાની ધમકી આપી છે.

## પેટ્રોલ, ડીઝલ અને એલપીજીની ગભરાટભરી ખરીદી ટાળવા સરકારની લોકોને ફરીથી અપીલ

**હોર્મુઝની** ખાડીના માર્ગમાં અવરોધો હોવા છતાં દેશમાં ઈંધણનો પુરતો પુરવઠો છે

**સંઘરાખોરો** અને કાળાબજારિયાઓ સામે કાર્યવાહી ચાલી રહી છે

**નવી દિલ્હી, તા. 4 (PTI):** સરકારે શનિવારે નાગરિકોને પેટ્રોલ, ડીઝલ અને એલપીજીની ગભરાટમાં આવીને ખરીદી ટાળવા વિનંતી કરી છે. સરકારે જણાવ્યું છે કે, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થવાને કારણે સર્જાયેલા વિક્ષેપો છતાં ઈંધણનો પુરવઠો પૂરતો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું હતું કે, સરકાર પેટ્રોલિયમ ઉત્પાદનો અને રાંધણ ગેસની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લઈ રહી છે, સાથે જ લોકોને માત્ર સત્તાવાર માહિતી પર ભરોસો રાખવા અને ઊર્જા બચાવવા સલાહ આપી છે.

સરકારે ખાસ કરીને ઘરો, હોસ્પિટલો અને આવશ્યક સેવાઓ માટે સ્થાનિક એલપીજી અને પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી)ના પુરવઠાને પ્રાથમિકતા આપી છે. રિફાઈનરીનું ઉત્પાદન વધારવા અને માંગને મેનેજ કરવા માટે એલપીજી રિફિલના સમયગાળામાં વધારો કરવા સહિતનાં પગલાં અમલમાં મૂક્યાં છે.

સત્તાધિકારીઓએ સંગ્રહખોરી અને કાળાબજાર સામે કડક કાર્યવાહી હાથ ધરી છે, જેમાં 3,700થી વધુ દરોડા પાડવામાં આવ્યા છે અને એલપીજી વિતરકોને આશરે 1,000 શો-કોઝ નોટિસ પાઠવવામાં આવી છે, જ્યારે અત્યાર સુધીમાં 27 ડીલરશીપ સસ્પેન્ડ કરવામાં આવી છે.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને કારણે પુરવઠા પર દબાણ હોવા છતાં વિતરક પોઈન્ટ્સ પર એલપીજીની અછતના કોઈ અહેવાલ નથી. એમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું

...અનુસંધાન પાના 9 પર

તા. ૦૪-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૧° સે. | ૨૫.૪° સે. | ૪૯% |

## નાસિકમાં કાર કૂવામાં ખાબકતા એક જ પરિવારના ૯નાં મોત

**મૃતકોમાં** ૬ તો બાળકો છે

**એક** સામાજીક પ્રસંગ પતાવીને પરિવાર પરત ફરતો હતો ત્યારે કાર કૂવામાં ખાબકી પડી, ક્રેઇનની મદદથી બહાર કઢાઇ





નાસિક, 4 એપ્રિલ (PTI): મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં એક કાર કૂવામાં ખાબકતા એક જ પરિવારના છ બાળકો સહિત નવ સભ્યોના મોત થયા હોવાનું પોલીસે શનિવારે જણાવ્યું હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ અકસ્માત શુક્રવારે રાત્રે 10 વાગ્યાની આસપાસ ડિંડોરી શહેરના શિવાજી નગર વિસ્તારમાં સર્જાયો હતો. તેમણે ઉમેર્યું કે, ભોગ બનનાર લોકો વિસ્તારમાં આવેલા એક બેન્ક્વેટ હોલમાં પ્રસંગ પતાવીને ઘરે જઈ રહ્યા હતા, ત્યારે તેમની કાર હોલની નજીક આવેલ એક કૂવામાં ખાબકી હતી. સ્થાનિક પોલીસ અને ઈમરજન્સી સેવાઓના કર્મચારીઓ

...અનુસંધાન પાના 9 પર